Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૩ · તા. ૨૮ માર્ચ થી ૩ એપ્રીલ ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MCE/53/2015-17

## મહાવીર પ્રભુના જન્મ દિને
## માનવંદન ને સંકલ્પના

વીર પ્રભુના દર્શન ચારિત્ર્ય,
સૌને સદા પ્રેરતા રહે...
શુભ થાઓ આ સકલ વિશ્વનું ,
એવી ભાવના નિત્ય રહે...
સદગુણોની ઝલક મળતા,
આત્મસાત કરવાનું મન રહે...



બાહ્યના આકર્ષણ છૂટી,
ભીતર થવાની લગન રહે...
જ્ઞાન-અભ્યાસથી જૈન થાવાનું,
અત્યંત સહજ સરળ રહે...
વિકલ્પોના છુટે આકર્ષણો ને...
બસ એકજ આત્મભાવ રહે !

# અભિનંદન-અભિનંદન-વધાઇ



કર્મઠ, દ્રઢ નિશ્ચય, કર્તવ્યનિષ્ઠ ઊર્જાવાન

## શ્રી તરૂણ શિવજી લોડાયા

શ્રી કુંથુનાથ દાદાના આદેશ થી
શ્રી છત્તીસગઢ઼ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
અને શ્રી છત્તીસગઢ઼ કચ્છી જૈન સંઘ બને
પ્રતિષ્છિત સંસ્થાઓં ના પ્રમુખ પદે વરણી
માટે ખુબ ખુબ વધાઈઓ-અભિનંદન
શ્રી કુંથુનાથ દાદા તમોને પોતાના કર્તવ્યમાં ખરા
ઉતરવા શકિત અર્પે તેજ વિનમ્ર પ્રાર્થના સાથે ...

### - શુભાકાંક્ષી -

શ્રી લખમશી નરપાર શાહ
શ્રી સનત્ નરપાર શાહ
શ્રી પ્રેમજી નરપાર શાહ
શ્રી લાલજી નરપાર શાહ
શ્રી શિવજી નરપાર શાહ

તથા સમસ્ત લોડાયા પરિવાર

માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી દેવજી મૈશેરી પરિવાર

બહેન ધારણી ચેતનભાઇ ચંદુલાલ નાગડ઼ા પરિવાર

શ્રી માણેકજી જેઠાભાઇ દંડ પરિવાર અહમદાવાદ
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર મલકાપુર

શ્રી તરૂણભાઇ ખુબ વધો તેવી મનોકામના સાથે

લોડાયા-મૈશેરી-નાગડ઼ા, દંડ પરિવાર રાયપુર, મુંબઇ,
બેંગલોર, ખિડ઼કીયા, વરાડ઼ીયા, અહમદાવાદ, મલકાપુર



**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 13/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# પ્રફુલ્લિત સામુદાયિક જીવનની પૂર્વ શરત સંપર્ક જળવાય એટલે અંતરે વસવાટ

રહેણાક સમસ્યાની વાત આવે એટલે સામાન્ય રીતે ''આપણાં સંસ્કારો'' જાળવીને ન રહી શકાય તેવા ગલીચ વિસ્તારોમાં વસતા સમુદાયના સભ્યોની દયા ખાઇ તેમને માટે સમુદાયે કંઇક કરવું જોઇએ એવી વાતો થાય.

આ વાત અમુક રીતે ઠીક છે પણ પ્રફુલ્લિત સામુદાયિક જીવન માટે સમુદાયે જે કાંઇ કરવું આવશ્યક હોય તેનો સમગ્રતામાં વિચાર કરીએ તો આ વાત સમગ્ર ઘટનાનો ચોથો ભાગ બની જાય. બાકીના ત્રણ ભાગ માટે અન્ય મહત્વના મુદ્દા ધ્યાનમાં લેવા રહ્યા.

એક જમાનામાં (આશરે ઇ.સ. ૧૯૦૦ સુધી) એવું હતું કે સમુદાયના શેઠિયા પણ પોતાનો સમુદાય જ્યાં વસતો હોય ત્યાં જ વસતા. એ પછી ધીમે ધીમે પોતાના મોભા અને પોતાની અનુકુળતા મુજબ વસવાટ કરવાનું બહુ અગત્ય બનતું ગયું. જેની પાસે અનુકૂળતા ન હોય તેણે સામુદાયિક જીવનના મૂળ કન્દ્રોથી દૂર વસવું ફરજીયાત બની જાય. અને તેવી રીતે દૂરના વિસ્તારમાં જયાં સમુદાયના વસવાટના કેન્દ્ર ઊભા થાય હોય ત્યાં સામુદાયિક જીવન કેમ શરૂ કરવું કેમ વિકસાવવું એ સમસ્યા મહત્વની બને.

બીજા શબ્દોમાં કરીએ તો મુંબઇમાં ક.દ.ઓ.જૈન જ્ઞાતિના સામુદાયિક જીવનના મૂળ કેન્દ્ર મસ્જિદ બંદરથી સમુદાયના લોકો દૂર વસતા ગયા તેમ તેની રોનક ઘટી તો બીજી તરફ ડોંબીવલી જેવા મધ્યમવર્ગીય વિસ્તારોમાં સ્થાનિક ધનવાનો મર્યાદિત સંખ્યામાં હોય ત્યારે સામુદાયિક જીવન કેમ વિકસાવવું એવી સમસ્યા ઊભી થઇ, જોકે ડોંબીવલીમાં મોટા પાયે જ્ઞાતિ વસવાટ શરૂ થવાને ચાર દાયકાથી વધુ સમય થયો હોવાથી ત્યાં એકતરફ હવે આ સમસ્યાની તીવ્રતા ઘટવા મંડી છે તો બીજી તરફ મધ્યમ વર્ગીઓને માટે ડોંબીવલી પણ એટલું મોઘું થઇ ગયું છે કે કલ્યાણની મુંબઇથી ઉલ્ટીબાજુએ છુટો છવાયો વસવાટ વધવા માંડ્યો છે.

હા, એક વખત (ઇ.સ. ૧૯૪૪ સુદીના ધડાકા સુધી) અત્યાર સુધી ડોંબીવલી હતું અને હવે કલ્યાણ પછીના વિસ્તારો છે એમ છેવાડાના વિસ્તારો જણાતા ઘાટકોપર અને મુલુંડમાં સામુદાયિક જીવનનો સૌથી વધુ સંતોષ મળતો હોવાથી વધુને વધુ જ્ઞાતિજનો ત્યાં વસવાનું પસંદ કરવા લાગ્યા છે.

રાષ્ટ્રીય સ્તરે કહીએ તો આધુનિક સાયંસ અને ટેક્નોલૉજી આધારિત અભ્યાસક્રમો અને સારા પગારના વ્યવસાયોની દૃષ્ટિએ બેંગલોર-પુના-હૈદ્રાબાદ મુંબઇથી વધુ અનુકુળતાવાળા વિસ્તારો બન્યા હોવાથી ત્યાં ખાસ કરીને યુવા વર્ગનો વસવાટ નોંધપાત્ર પ્રમાણ વધ્યો છે, વધતો રહેવાનો છે.

આ આંતરરાષ્ટ્રીય શહેર તરીકે વિકસિત થઈ રહેલા નગરોમાં સારા પગારે લોકો કારકીર્દી શરૂ કરનારામાંથી મોટા ભાગના લોકો માટે શરૂઆતના વર્ષોમાં ઘર લેવાનું શકય નથી હોતું વળી શરૂઆતના વર્ષામાં તેઓ ઝડપથી નોકરી પણ બદલાવતા રહે છે. અને તેથી ભાડાના ઘરમાં રહેવાનું તેમને વધુ અનુકૂળ પડે છે. સમુદાય જો આવા લોકો માટે આ શહરોમાં ઘરની વ્યવસ્થા કરે તો તેમના શરૂઆતના સંઘર્ષકાળમાં ઘણો ટેકો થઇ જાય.

ઘણી વખત એવું બને છે કે નાના કસ્બાઓમાં વ્યવસાયકે નોકરી ધરાવનારાના છોકરાઓ મોટા શહેરમાં જ્યારે કારકીર્દીનો શરૂઆતનો સંઘર્ષ કરતા હોય ત્યારે તેઓ ધારે તો પણ નવા શહેરમાં મા-બાપ સાથે નથી રહી શકતા. મા-બાપ જ નિવૃત્ત જેવા હાય અને તેમને એ નાના કસ્બામાં વસવાનુ જરૂરી ન હોવા છતાં ત્યાંજ રહેવું પડે છે. જો સમાજ તરફથી ઉપર જણાવ્યું તેમ આવા લોકો માટે ભાડાના ઘરની વ્યવસ્થા થઈ શકે તો તેથી મા-બાપને પણ સાથે રાખીશકે.

નાના-મધ્યમ શરૂરેમાં ક.દ.ઓ જૈન જેવી પ્રમાણમાં સમૃદ્ધ જ્ઞાતિમાટે એક જગ્યાએ સંપન્ન લોકો બંગલા કે મોટા ફ્લેટમાં તથા મધ્યમવર્ગીઓ મધ્યમ કે નાના ફ્લેટ માં રહેતા હોય તેવી કોલોની વિકસાવવાનું શક્ય છે. સંપન્ન લોકો સંપન્ન લોકોના વિસ્તારમાં રહેવાનું વલણ ધરાવતા હોવાથી અને મધ્યમવર્ગીએ પાસે પૂરતા પૈસા કે જાણકારીની વ્યવસ્થા ન હોવાથી આ શક્ય વાત.... સામુદાયિક જીવન માટે આવશ્યક વાત... પણ થતી નથી.

ટૂંકમાં માત્ર ગલીચ કે અસંસ્કારી વિસ્તારમાં રહેનારા લાકા વ્યવસ્થિત રીતે રહી શકે તે માટે જ નહીં. પણ આખો સમુદાય સંબંધ જાળવી શકાય એટલા અંતરે રહી શકે તે માટે ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

શું જ્ઞાતિ માટે આ દિશામાં વિચારવા તથા તેવી વ્યવસ્થા કરવા માટેની સજ્જતા છે ખરી?

માત્ર અનંતનાથજી ટ્રસ્ટ અને હોપ વન થાઉઝન્ડમાં છુપાયેલી ક્ષમતાનો પૂરો ઉપયોગ કરાય તો પણ આ શક્ય છે.

અનંતનાથ ટ્રસ્ટ અનંતછાયાના વેચાણમાંથી આવનારા પૈસા મુંબઈની હેઠણ સમસ્યા ઉકેલવામાં કે અગાઉ કહ્યું તેમ સામુદાયિક જીવન જીવવા માટે અનુકુળ કોલોની બનાવવામાં ઉપયોગ લેવાનો નિર્ણય કરે તો ઘણી મોટી સિધ્ધી મેળવી શકાય તેમ છે.

અનંતનાથ ટ્રસ્ટ જો ધારે અને વ્યવસ્થા કરે તો કાંજુરમાર્ગ અને ભાડુંપમાં જેઓ પુરતા પૈસાના અભાવે છેક ડોંબિવલી કે કલ્યાણ પાર રહેવા જનારા જ્ઞાતિજનોને કાંજુરમાર્ગને ભાડુંપમાં પ્રવર્તમાન બીલ્ટ અપ કારપેટના ભાવે આપીને તેમને સામુદાયિક જીવનનો લાભ આપી શકે અને કલ્યાણ-અંબરનાથ-ડોંબિવલી-ટીટવાલા જ્યાંથી લોકલ ટ્રેન શરૂ થતી હોય ત્યાં સાનુકુળ જગ્યાએ બંધાઈ રહેલી આખી કોલોની અત્યંત વ્યાજબી ભાવે ખરીદી લઈને જે જ્ઞાતિજનોને ઓનરશીપ ખરીદવા હોય તેમને ઓછા ભાવનો લાભ આપી અને જેમને ઓનરશીપ પરવડી શકે તેમ ન હોય તેમને ત્રણેક વર્ષની મુદત માટે ન જેવા ભાડે રહેવા આપી શકે.

આ પ્રકારે ભાડુંપ-કાંજુરમાર્ગમાં વધુ ૫૦૦ કુટુંબોને સામુદાયિક જીવન સહિત તેમને પરવડે તેવા ઓનરશીપના ઘર આપી શકાય તથા તેના વ્યાજબી નફામાંથી ૭૦૦ થી ૧૦૦૦ જેટલા જ્ઞાતિ કુટુંબોને કલ્યાણ અંબરનાથ ટીટવાલામાં સામુદાયિક જીવનના લાભ સહિત ઓનરશીપના અથવા ભાડાના ઘરમાં વસાવી શકાય.

જો આમ કરીએ તો મુંબઈના જ્ઞાતિજનોની રહેઠાણ સમસ્યા દૂર કરવા સાથે તેમને સામુદાયિક જીવન આપવા માટે હોપ ૧૦૦૦ની જરૂર જ ન પડે અને તેને બેંગલોર-પુના-હૈદરાબાદમાં સામુદાયિક જીવન સાથે રહેઠાણ સમસ્યાના ઉકેલ માટે ફાજલ પાડી શકાય.

અલબત્ત આતો આછી રૂપરેખા માત્ર છે. અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા હોપ ૧૦૦૦ના સંચાલકો આ બાબત નિષ્ણાત સલાહ લઈને યથાયોગ્ય રણનીતિ ઘડી જ્ઞાતિ માટે તેના સામુદાયિક જીવન માટે મહત્ત્વનું મહત્ત્વકાંક્ષી અને તે છતાં વ્યવહારુ આયોજન કરી શકે.

**ચંદ્રસેન મોમાયા**


।। શ્રી ચંદ્રપ્રભ દાદાય નમઃ ।।    ।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**

**મોટી ખાવડી**

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા જીનાલયની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા રોહણનો કાર્યક્રમ જેઠ સુદ દશમ, ગુરૂવાર, તા. ૨૮/૦૫/૨૦૧૫ ના રોજ પ. પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ. સા. આદી ઠાણાની નિશ્રામાં સતરભેદી પૂજાસહ ધામધૂમથી મોટી ખાવડી મુકામે ઉજવવામાં આવશે સાથે સાથે આપણા દેરાસરજી માં શ્રી શાંતીનાથ દાદાની પંચધાતૂની બે પ્રતિમા તેમજ શ્રી સિધ્ધચક્રજી નો ગટ્ટો પણ પધરાવવામાં આવશે જેનો લાભ નીચે મુજબ પરિવારોએ લીધેલ છે.**

પ્રતિમાજી ૧ઃ શ્રી રમેશ હેમરાજ લોડાયા પરિવાર, ડોમ્બીવલી

પ્રતિમાજી ૨ઃ શ્રી શશિકાંત કુંવરજી ખોના પરિવાર, વડાલા

શ્રી સિધ્ધચક્રજી નો ગટ્ટોઃ શ્રી કેવલ ત્રિભુવન લોડાયા, ડોમ્બીવલી

**સર્વે ગામવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

# પ.પૂ.દેવરત્નસાગરજી મ.સા.ની ૧૦મી માસિક પુણ્યતિથી નિમિત્તે મુંબઈ સ્તરે ૧૦૦૮ અઠ્ઠમનું એલાન



પ.પૂ.દેવરત્નગુણ ગૌરવ મહોત્સવ સમિતિ દ્વારા અચલગચ્છીય સર્વે સંઘોના સાથ સહકારે રવિવાર તા.૧૭.૦૫, સોમવાર તા.૧૮.૫ અને મંગળવાર તા. ૧૯.૫.૧૫ના મુંબઈ સ્તરે ૧૦૦૮ અઠ્ઠમ તપનું આયોજન કરવામાં આવ્યું છે. તેનું પારણું તા.૨૦.૦૫.૧૫ના ઘાટકોપર જીરાવલ્લા દેરાસરમાં યોજાશે.

અઠ્ઠમ માટે નામ લખાવનારે પરેશભાઈ ગાલા (દેવપુર લાલબાગ) મો નં.૯૮૨૧૦૫૬૪૦૧ અથવા રાજુભાઈ દેઢિયા (ના.રતાડીયા ઘાટકોપર) મો નં.૯૮૬૯૦૫૧૫૨૭નો સંપર્ક કરી અઠ્ઠમના તપસ્વીનું નામ-વડીલનું નામ-અટક -કચ્છમાં મૂળવતન-મુબઈમાં વસવાટનું સ્થળ-મો નં વગેરે માહિતી આપવાની રહેશે. અખાત્રીજના દિવસે એમને અઠ્ઠમના પાસ-બિલ્લાઓ અપાશે.

ભાગ્યશાળીઓને સંઘપતિ તરીકે લાભ લેવા અનુરોધ છે.

## પ્રવચન પ્રભાવક પુ. મુનિશ્રી દેવ રત્નસાગરજીના સ્મૃતિગ્રંથ માટે લેખ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણસાગર સુરીશ્વરજી મ.સા.ના. સુશિષ્ય પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિરાજશ્રી દેવરત્ન સાગરજી મ.સા. ને કાળ ધર્મ થઈને ૧ વર્ષ પૂર્ણ થવા આવ્યું. પુજ્યશ્રીની વાર્ષિક પુણ્યતિથી ૧૭ મે થી ૨૧ મે ઘાટકોપર જિરાવલ્લા દેશસરમાં સ્મૃતિમહોત્સવ ઉજવાશે. તે વખતે પ્રગટથનારા પુજ્યશ્રીના સ્મૃતિગ્રંથનું કામ ઝડપથી ચાલી રહ્યું છે... આપ પુજ્યશ્રીથી જોડાયલા હો તો પૂજ્ય શ્રી માટે ટુંકો સંદેશ લખીને ગુણાંજલિ આપશો. લેખ લખીને ૧૦ એપ્રીલ સુધી શ્રી આર્ય-જન-કલ્યાણ કેન્દ્ર ૧૦૩/૧ લા માળે, મેઘરતન બિલ્ડીંગ, દેરાસર લેન, તિલક રોડ, ઘાટકોપર - (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭,
ફોન નં. : ૦૨૨-૨૫૦૧૧૭૮૮. ખાતે મોકલવા વિનંતી.


## હાર્દિક અભિનંદન





**શ્રી કલ્પેશ માણેકજી મોતા**
(રાપરગઢવારી-ઘાટકોપર)
પ્રમુખ

**શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા**
(વરાડીયા-માટુંગા)
પ્રથમ ઉપપ્રમુખ

**આપની દિલેરી અને જ્ઞાતિભાવના અનેરી,**
**જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યમાં અપાવે સફળતા ઝાઝેરી!**
**દિપેશ ચિમન મોમાયા** - (વરાડીયા-ભાંડૂપ)
**ભલારાદાદા કેટરર્સ એટલે સ્વાદ અને ગુણવતાનો સંગમ**

**શ્રી કચ્છી દશા ઓંશવાલ પરિવારો માટે ખુશ ખબર**

Authentic & Quality Food
is our Main Motto

Bhalara Caterers



Flavors to share
Catering for all ages and taste...
Customer's satisfaction is our profit

*Dipesh C.Momaya*
*(Varadia)*
*M. 98197 53161*

D-65, Anant Sidhi,
Opp. Kukreja Complex,
107, L.B.S. Marg,
Bhandup West,
Mumbai - 400 078.

Email : **bhalaracaterers@gmail.com**


જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા
**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ**
Estd. 1954

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું
## "હર ઘર પરિવાર દાતા પરિવાર"
### રત્નસ્થંભ દાતાશ્રીઓની નામાવલી

| રત્નસ્થંભ દાતાશ્રી પરિવાર | | |
|---|---|---|
| દાતાશ્રીનું નામ | ગામ | |
| શ્રી નવીનચંદ્ર મુલજી નાગડા | વડાલા | નલીયા |
| જાન્વી રાજેશ છેડા | મસ્જીદ બંદર | વારાપધર |
| શ્રી લક્ષ્મીચંદ જીવરાજ ખોના | હુબલી | સાંધવ |
| શ્રી પ્રતાપ માણેકજી નાગડા | હુબલી | જખૌ |
| શ્રીમતી લીલાવંતી મણિલાલ ધરમશી | ઐરોલી | જસાપર |
| શ્રી રતનશી ભવાનજી ધરમશી | ગાંધીધામ | કોઠારા |
| માતુશ્રી કસ્તુરબાઇ રતનશી ધરમશી | ગાંધીધામ | કોઠારા |
| નમન મનીષ ખોના | મઝગાવ | નલીયા |
| શ્રી વીરેશ કલ્યાણજી ધરમશી | ડોંબિવલી | સુથરી |
| શ્રી લખમશી ચત્રભુજ સાયલા | ઘાટકોપર | તેરા |

દાતાશ્રી જ્ઞાતિ બનાવવા માટે આપશ્રી પરિવારે
શૈક્ષણિક પ્રવૃત્તિ માટે સહયોગ આપી શક્યા દાતાશ્રી તરીકે જોડાવ્યા.

**શ્રી કચ્છી દશા અશોવાલ વિદ્યાર્થીસંઘ વતી...**
**શ્રી અનુજ ગીરીશ લોડાયા** (રવા-ડોંબિવલી) - **પ્રમુખશ્રી**
**શ્રી મયંક જિતેન્દ્ર મોમાયા** (સાંયરા) - ઉપપ્રમુખ
**શ્રી ઉર્મિન જયેશ લોડાયા** (સુથરી-ઘાટકોપર) - માનદ્મંત્રી




**પ્રાર્થના સભા : અનુકરણીય અભિપ્રાય**

શ્રી કુલીનકાંત લુઠીયાનો ચર્ચાનો અનુકરણીય અભિપ્રાય વાંચ્યો.

આ દેહની યાત્રા જન્મથી મૃત્યુ સુધીની છે. વ્યક્તિ જ્યારે ચિરવિદાય છે, ત્યારે નિસર્ગના ખોળે તેને શાંતિથી ધરવાની સૌ અપેક્ષા રાખે છે. શોક-રૂદન આંસુથી જનાર વ્યક્તિ ફરી પાછી આવવાની નથી. જનાર વ્યક્તિનો ખાલીપો કુંટુબીજનો આઘાત સાથે અનુભવે એ સ્વાભાવિક છે.

સદ્ગતની એકાદ કલાકની પ્રાર્થના સભા યોજાય ત્યારે દૂર-દૂર શહેરોથી પ્રિયજનો-સ્વજનો-કુટુંબીઓને સામાજિક રિવાજ અને વ્યવહારના નામે બોલાવવાની પ્રથા બન્ને પક્ષોની દૃષ્ટિએ બંધ કરવી જોઈએ. થોડી મિનિટો પ્રાર્થના સભામાં બેસવાથી આપણે સદ્ગતના હયાત સ્વજનોને કંઈ આધાર આપી શકવાના નથી. સદ્ગતના સંભારણા, સ્નેહાળ પ્રકૃતિ, સામાજિક ભાવના કે દિલેરી પણ યોગ્ય રીતે વ્યક્ત કરી શકવાના નથી. કદાચ શાન્તવનાના બે શબ્દ, કહેવાની તક પણ મળવાની નથી, સદ્ગતના ઘરે રોકાણ કરી કુટુંબીજનોને આર્થિક રીતે બોજારૂપ પણ બનાવવા પડે.

વધુમાં આજે નોકરી કે વ્યવસાયમાં રજા મેળવવી એ દુવિધા છે આયોજન વિના પ્રવાસની હાડમારી છે. મોટી ઉંમરે વ્યક્તિ વિવિધ રોગથી ઘેરાયેલ હોય તો ખાનપાનની સાવચેતી પણ અનિવાર્ય છે.

નાનપણમાં રમકડાં મેળવવા કજીયા કરતો દિકરો યુવાવસ્થામાં એ રમકડાં સામે જોતો પણ નથી. બાળમંદિરમાં જ જવા રડતું બાળક યુવાનીમાં સતત શાળા-કોલેજમાં જાય છે ત્યારે પ્રાર્થનાસભાની બાબતમાં પણ સમય-સંજોગ-પરિસ્થિતિ અનુસાર પરિવર્તનની આવશ્યકતા છે. સદ્ગત આપણા કુટુંબી હોય તો સ્વાભાવિક આપણા અંતરના ઉંડાણમાં પ્રત્યેક પળ આપણી સાથે ગુંથાયેલા રહેવાના જ છે.

સામાજિક રિવાજના નામે કોઈક ઘરમાં કંગાલિયતને આમંત્રણ આપવા કરતાં ગૌરવ-ગરિમા અને સુસંકૃતિથી ઉભરાતી આપણી જ્ઞાતિએ ઉપલબ્ધ દૂર સચારના વિવિધ માધ્યમથી એ કુટુંબ પ્રત્યે દિલસોજી પાઠવવી જોઈએ, ઘર બેઠા નવકાર માળા ગણવી જોઈએ, કુટુંબીજનો સાથે વાતચીત દરમિયાન આત્મિયતા-હૂંફ દર્શાવી અંગત રીતે ઉપયોગી થવાની ભાવના અંતઃકરણ વ્યક્ત કરવી વધુ ઉચિત જણાય છે. આપણી જ્ઞાતિ સમગ્રદેશમાં આ સરાહનીય પગલું અપનાવશે તો કાલે અન્ય સમાજો પણ એ કેડી અપનાવશે.

**ચંદ્રકાંત દામજી પોલડીયા :** અમદાવાદ : ૫-૫-૧૫


શુભેચ્છા સહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

**૪૦૧, રાજગોર ચેમ્બર્સ,**

**૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.**


**અશ્રુભરી શ્રધ્ધાજંલિ**



**સ્વ. સુમનબેન શામજી મોમાયા**

સાંયરા (મુલુંડ)

**જન્મ :** ૦૫.૧૦.૧૯૪૨

**અરિહંતશરણ :** ૦૬.૦૩.૨૦૧૫

***જીવન એવું જીવી ગયા, જે કદી ભુલાય નહીં***
***વિદાય એવી લીધી, જે કદી વિસરાય નહીં.***

**આપની સ્મૃતિમાં શોકાતુર પરિવાર**

સ્વ. વેલજી પાશ્વીર ગોસરની દીકરી (બાયઠ)
હિરેન મોમાયા અને રૂપા શાહના માતુશ્રી,
રૂપાલી મોમાયા અને સુરેશ કુમાર શાહના સાસુ,
પાર્થના દાદી, ઉદય અને ચિરાગના નાની,

**ભાવભરી શ્રધ્ધાજંલિ**
**ત્રીકમજી મેઘજી લોડાયા**
(મુલુંડ-વારાપધર)

## ટૂંકમાં જ પુસ્તક રૂપ પામશે : મેરા ભારત મહાન
## સ્વાતંત્ર સંગ્રામમાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ગરીમા અને ગૌરવગાથા

અંગ્રેજ રાજની ગુલામીમાંથી મુક્તિ આપી, સ્વતંત્રતા અપાવવામાં અનેક દેશપ્રેમીઓએ પોતાની જીંદગી હોમી દીધી.. સત્ય અને અહિંસાના આદર્શો પર અંગ્રેજોને ભારત છોડવાનો ફરજ પડી.

ભારતની આઝાદીની લડતમાં આપણાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું યોગદાન અત્યંત ઉલ્લેખનીય રહેલું. આપણી કચ્છી દશા ઓશવાલ જૈનની ખોબલા જેવી નાનકી જ્ઞાતિના કેટલાક દેશપ્રેમી શુરવીરોએ પણ આ સંગ્રામમાં પોતાની પ્રતિભા દાખવી, દેશકાજે જેલવાસ ભોગવવો, લાઠી-દંડા ખાવા ત્રાસ સહન કરવો વિગેરેમાં તેમણે ગજબની હિંમત દાખવી અને લક્ષ્યાંક સુધી પહોંચવા કમર કસી ભારે સંઘર્ષ પણ કર્યો. કેટલાકે તો શાહિદી પણ વહોરી.

ફક્ત પડદા પાછળ જ નહીં, પણ અગ્રણી બની અંગ્રેજો સામે લડનારાની સંખ્યા પણ મોટી રહી. કેટલાકે તન મન અને ધનથી રાષ્ટ્રસેવામાં પોતાની જાનને પણ ખપાવી દીધાં.

આવા કેટલાક કે.ડી.ઓ. ની સચ્ચી કહાની વીરલાઓની ગૌરવમય ગાથા - કેટલીક તેમના શબ્દોમાં જ, તો કેટલીક વાતો તેમના પરિવારના સભ્યો, મિત્રવર્ગ વિગેરેના શબ્દોમાં ઐતિહાસિક માહિતી મેળવીને કે તેમની વાતોને શબ્દોમાં કંડારી એક પુસ્તક રૂપે સંકલિત કરવાનો એક નાનો પ્રયાસ કરવા પ્રથમ તો સ્વ. કુલીનકાંત ભોજરાજ લોડાયાએ પ્રયત્ન કર્યો. તેમની વસમી વિદાય બાદ તેમણે કરેલા આ સેવામય પ્રયાસને સેવાભાવી શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાએ પુર્ણતાને લાવવા એક નાનોશો પુનઃ પ્રયાસ કર્યો છે.

આ ઐતિહાસિક પુસ્તક વ્યક્તિદીઠ જેમના મુખ્ય નામનો ઉલ્લેખ છે તેમના એક જ પ્રતિનિધિને એક જ પુસ્તક ભેટરૂપે અપાશે. સ્ટોકમાં હશે ત્યાં સુધી જ મળી શકશે. આશરે ૫૦૦ નકલો છપાશે. માટે વહેલો તે પહેલો ધોરણ નકલો નોંધાશે.

આ ઐતિહાસિક પ્રકાશન માતુશ્રી પુ. તારાબેનની માણેકજી મોતા પરિવાર દ્વારા તેમની પુણ્યસ્મૃતિમાં અપાયેલ અનુદાનથી સાકાર થશે.

**સંપર્ક :**

**શ્રી કુલીનકાંત ચાપશી લુઠીયા** ૯૮૨૦૦ ૩૯૪૬૯
**માનવજ્યોત :** નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર. પી. રોડ, મુલંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦ ૮૦,
**ફોન નં.** ૦૨૨ ૨૫૬૭ ૩૫૮૭ / ૨૫૯૧ ૯૭૫૫

### પાસ થયા અભિનંદન



**જશ્મીન મણીલાલ ગોસર**
M.Pharma 85%
દાવણગીરી



**યશસ્વીની મ ગોસર**
Physiotherapy 73%
દાવણગીરી





**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**


**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

## ઝુકી તો જવાય ને !





**મુરબ્બી શ્રી શીવજીભાઈ વિકમશી**

છેલ્લા સાત-સાત દાયકાથી શિક્ષણ ક્ષેત્રે નાતના સર્વાંગી વિકાર માટે શૈક્ષણિક યજ્ઞનું રણશીંગુ ફૂંકી ચિંતન મનન સલાહ અપીલ અને આજ્ઞાની આહુતી આપીએ યજ્ઞના ખુદ અગ્નિહોત્રી બની નિજાનદ માણે છે.

જ્ઞાતિના શિક્ષિતો આજે સંખ્યા બંધ સર્વ શ્રેષ્ઠ ડિગ્રીઓથી વિભૂષિત છે એવા શિક્ષણે જ્ઞાતિમાં સર્વ સંપદા વધી છે. સમતા, શિસ્ત અને અહોભાવ વધ્યો છે.

એ બધું તેઓશ્રી સાથે તેઓશ્રીના જોડીદારોને લીધેજ શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ વિદ્યાર્થીગ્રહ ના આધુનિક મકાન માટે આર્થીક સહયોગની ટહેલ પાડતા, ટહેલની હાકલને હોંકારો આપી સામે ચાલીને વંદનીય યુવા દાતાશ્રી હિરેન મણીલાલ દંડ, ગામ બાયઠવાળાએ બબ્બે વાર આઠ આઠ એકડાનું દાન દેતા આશ્ચર્યથી આંખો વિસ્ફારિત થઈ, આનંદનો સીસકારો નીકળ્યો! સાથે હાથ અને હૈયાંએ પણ ચાર હાથે તાળી પાડીઃ વાઉ.ઉ..ઉ.!

કન્યાદાન, રક્તદાન, વરસીદાન, અભયદાન, ચક્ષુદાન, ત્વચાદાન સર્વદાન તેમ તે લક્ષ માટે શ્રેષ્ઠ છે જ પણ બહુમુખી પ્રતિભાશાળી એક નંબરનું દાન તો વિદ્યાદાન જ છે. શ્રી હિરેનભાઈ આ દાનના મુગટમણી બન્યા છે .

ના જાહેરાત, ઢોલ શરણાઈ, બહુમાન કે અપેક્ષા ! ફક્ત આત્માનો આનંદ રોજે રોજ એ રોમાંચ અને ફરજ નીભાવ્યોનો આનંદ રોજે રોજ એનો રોમાંચ ! અને ફરજ નીભાવ્યાનો ભાવ! વાહ...હ..હ.

શૈક્ષણિક ક્ષેત્રે માતબર દાનનો આ વિરલ પ્રસંગ ખરેજ જાજરમાન છે ! શ્રી શીવજીભાઈ આપને ધબકતી સલામ! આપ શતાયુએ શક્તિમાન રહો. બ્લ્યુ કટ હિરા- હિરેનભાની વિરાટ પહેલે ચાર હાથ જોડી સહ પરિવારે ઝૂકી તો જવાયજને

**લહેરચંદ વેલજી મૈશેરી** ભાંડૂપ - ૧૭-૨-૨૦૧૫




## પ્રથમ પુણ્યતિથીએ અશ્રુભીની શ્રધ્ધાંજલી

**સ્વ.અ.સૌ. મીનાબેન ટોકરશી નાગડા**

**ગામ : નાલીયા, હાલ : ટીટવાલા**

**જીવનયાત્રા : તા. ૭/૫/૧૯૫૮ થી તા. ૮/૪/૨૦૧૪**

તમારી વિદાય હજી આજેય સ્વપ્નવત લાગે છે.
ઘરના કોઈ ખૂણેથી જાણે હમણાં તમારો ટહુકો સંભળાશે અને મ્હોરી ઉઠશે અમારૂં આંગણું.
હવે તમે નથી એ વાત સ્વીકારવા મન આજેય તૈયાર નથી.
સમયની ગતિને કોણ રોકી શક્યું છે? જોતજોતામાં વરસ વિત્યું!
રોજ સુરજ ઊગે છે, રોજ સાંજ ઢળે છે, પળ પળ તમારી યાદ સતાવે છે અને આંખડી અશ્રુ સારે છે.
તમારા વગર જીવનની હર ક્ષણ સૂની છે.
ઈશ્વર તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

**તમારી સ્મૃતિમાં**

*પતિ : ટોકરશી પદમશી નાગડા*

*માતુશ્રી વિજયાબાઈ પ્રકાશ નાગડા (ધુમ પરિવાર) નલીયા*

*માતુશ્રી જમકુબાઈ શિવજી પોલડીયા પરિવાર – બાયઠ*

## અદ્‌ભૂત શાસન પ્રભાવના

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યુગભૂષણ સૂરિશ્વરજી મ.સા. (પંડીત મ.સા.) ની પાવન નિશ્રામાં સિધ્ધાંચલ મહાતીર્થ શ્રી ગિરનારજી મહાતીર્થ નો અદ્‌ભૂત ૧૪ દિવસીય છ'રી પાલિત સંઘ યાત્રા સંપન્ન થઇ.

પૂજ્ય શ્રી સાથે પૂજ્ય મુનિભગવંતો, પૂ. સાધ્વજી ૧૮-૧૮ સંઘપતિ લાભાર્થી પરિવારજનો, ૩૦૦ થી ૩૫૦ જણા અને ૧૦૦ યાત્રિકો મળીને સ્વયંસેવકો આદી ૧૩૦૦, સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રવિકા રૂપે ચતુર્વિધ સંઘ એક થી બીજા ગામે સમુહમાં ચાલે એ ભવ્ય દ્રશ્યં જણાંતુ હતું.

આ સંઘની ભવ્યતામાં એક સંઘપતિના ધર્મ તરફ વળેલા પૂત્રની અદ્‌ભૂત ધર્મ આરાધનાથી ઓર વધારો થતો હતો.

શિવરાજ ભાઇ બેંગલોરના રહેવાસી, ૩૨-૩૩ વર્ષ સુધી ધર્મથી બહું પરિસ્થિત નહી; થોડું ઘણું માતા-પિતાનાં સંસ્કારથી સેવા પૂજા રૂપ પ્રાથમિક ધર્મ પણ અવસરે જ કરતા, તપ માં પણ બહુ નહીવત, એક વાર માતાજી આજ્ઞાથી જ આયંબલ તપ વગર ઇચ્છાએ માતાની ઇચ્છા માટે જ કર્યું.

આગ્રહથી ૧ વર્ષી તપ શરૂ કર્યું, થોડીક તકલીફ વચ્ચે પણ ઉપવાસ - બેસણા ચાલુ જ રાખ્યા. ક્રમશ : આગળ વધતા વધતા આજે ૧૦મું વર્ષી તપ સળંગ ચાલે છે. છેલ્લા સાત વર્ષથી લીલોતરી (ફળ-શાકભાજી આદી) સદંતર બંધ - ત્યાગ છે. છેલ્લા ત્રણ વર્ષથી સાકર ની બનેલી બધીજ મીઠાઇ ત્યાગ છે તથા બહાર ની બધી જ મીઠાઇ બંધ છે. છેલ્લા ૫ વર્ષથી આજીવન ચંપલ-પગરખા ત્યાગ, ખુલ્લા પગેજ જવાનું...છેલ્લા ૨ વર્ષ થી માથા ના વાળ કપાવ્યા નહીં પણ...ગુરૂ ભગવંત પાસે જાઇને લોચ કરાવવાનો.

જે વ્યક્તિ સમગ્ર જીવન લાડ-કોડ સાથે દોર-દામ સાહ્યબીમાં ઉછર્યા હોય, લગભગ ગાડી વગર બહાર જવાનું જ નહીં, એવી ભક્તિ પણ દેવ-ગુરૂ-ધર્મ ની આરાધના જાણે/ સમજે તો કેટલી સાધના કરી શકે છે, ક્યાં સુધી જઇ શકે છે.

હમણાં શિવરાજભાઇને ભાવ જાગ્યા કે મારે મારા ગામ માં ભગવાનનો જન્મ કલ્યાણકનો ભવ્ય મહોત્સવ ઉજવવો છે. બેંગલોરથી ૩૫૦ કિ.મી. દુર ચિત્રદુર્ગે એમનું ગામ. ત્યાં ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય છે. આ પાર્શ્વનાથ ભગવાનની છત્ર છાયામાં એમણે પોષદશમી પર્વ ઉજવ્યો. આ પર્વ નિમિત્તે ૧૦૦૮ અઠ્ઠમ તપ કરાવ્યા, જેની શક્તિ હોય એમણે અકમ, શક્તિ ન હોય તો એકાસણા ત્રણે ટાઇમ ભગવાનની ભક્તિ સાથે સાયમિક ભક્તિ ત્રણે ટાઇમ-ત્રણે દિવસ રાખી.

હવે ભગવાનના જન્મ કલ્યાણક ના દિવસે સમગ્ર ચિત્રદુર્ગ ના જૈનો-અજૈનો લગભગ ૪૨૦૦ જેટલા ઘરોમાં, એક જ દિવસમાં અર્ધા કિલો મિઠાઇ વિતરણ કરાવી. અને મિઠાઇના બોક્સ પર લખાવ્યું કે આ મીઠાઇ સુર્યાસ્ત પછી નહીં વાપરવા વિનંતી.

આવા સંઘવી રત્ન શિવરાજ ભાઇ પાલીતાણા-ગિરનાર સંઘના એક સંઘપતિ છે, એવું જાણ્યા પછી, કોઇપણ ઓળખાણ વગર, માત્ર ચિત્રદુર્ગથી શાસન પ્રભાવના સાંભળી, આપણી ક.દ.ઓ જ્ઞાતિના, ગામ પરજાઉ ના વતની, મુલુંડ નિવાસી શ્રી નયનભાઇ લહેરચંદ મેપાણીએ આ સંઘપતિની સંઘમાળ જોરદા ચડાવો લઇ ગિરનાર ગિરિ પર, પૂજ્ય આ.ભા.શ્રીમદ વિજય યુગભુષણ સુરિશ્વરજી મ.સા. ના વરદ હસ્તે સંઘમાળ અર્પણ કરી. આ અદ્‌ભૂત શાસન પ્રભાવના કરનાર એવા શિવરાજ ભાઇ ને પ્રણામ અને પ્રભુ ભક્ત ના ગુણાનુરાગી એવા નયન ભાઇ ને પણ પ્રણામ.

ધન્ય પ્રભુ ભક્તો ને અને ધન્ય એમની ભક્તિ ને...ખુબ-ખુબ અનુમોદના સહ...

**ચંદ્રેશ વિનોદભાઇ પોલડીયા (રગપૂર- ભાંડૂપ)**

શુભેચ્છાઓ સહ...
**સાંઘવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

**ઝવેરી બજારની**
**જ્યોતિ**
**હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...**

**જ્યોતિ ઝવેરી બઝાર ખાતે**
**સ્ટૉક ક્લીયરન્સ સેલ**
**શનિવાર તા. ૭ માર્ચથી ભારે છુટ**
**UPTO 50%**
જ્યોતિ સાડી ઝવેરી બઝાર લાવે છે
**Special Offer આપના માટે**
**કસબ-બટકસબ-પીયવર્ક-જીકસબ**
**હેન્ડ. મશીનવર્ક પારસી સાડીઓ**
**ચણીયા ચોળી રીયલ-ટેસ્ટેડ ઘરચોળા**
**પાનેતર - બાંધણીઓ તથા ફેન્સી**
**સાડીઓના રેડી સ્ટૉક પર ભારે વળતર**

134/136, 2nd Floor, Above Khadi Bhandar,
Opp. Khara Kuwa, Mumbai - 400 002
Phone : 22402786 / 22413995

|| શ્રી ગણેશાય નમઃ|| || શ્રી શાંતિનાથય નમઃ|| || શ્રી સચ્ચામાતાય નમઃ ||

## શ્રી સચ્ચામાં ને નમતા લોડાયા નુખના ભાવિકો
## પુ.શ્રી સચ્ચા માતાજીની દ્વિતીય સમૂહ પહેડીમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ

**કયા કયા ગામે માડી તમને લખવી રે કંકોતરી, માડી તારા ધામ છે હજાર મા સચ્ચામાવડી........**
**કંકુના છાંટણાં થશે મોતીના ચોક પુરાશે,**
**આપની ભક્તિ થાશે, મા નૈવેધના થાળ ધરાશે મા.....**

કચ્છ, હાલારના સચ્ચામાંને નમતા લોડાયા પરિવારના ભાવિકો હાલમાં , દેશ-દેશાવર હાલાર, કચ્છ અને મુંબઈ સચ્ચા માતાજીને નમતા લોડાયા નુખના ભાવિકો જોગ.

**પહેડીનો શુભ દિવસ હૃદયમાં અંકીત કરી લેશો.**

**પહેડીનો શુભ દિવસ**
ચૈત્ર વદ-૭ ને શનિવાર
તા. ૧૧.૦૪.૧૫
સાંજના ૪.૦૦ કલાકે

**પહેડીનું શુભ સ્થળ**
કાલીદાસ ઓપનગ્રાઉન્ડ,
પી.કે.રોડ, મુલુંડ (વેસ્ટ)

**ભક્તિ ભાવના સંગીત**
કૌશિક બારોટ (પાલીતાણા)
સાહિદા મીર અને સાથી કલાકારો
સાહિત્યકાર : નિર્મલાસિંહ ઝાલા

## સચ્ચામાંના પહેડીના લાભાર્થી પરિવારો

- નૈવેદ (પહેડી) જુહારવાનો લાભ માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા, કોઠારા-મુલુંડ
- માતાજીની આરતીનો લાભ : માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિસનજી લોડાયા, આરીખાણા-મુલુંડ
- માતાજીને તેડી આવવાનો લાભ : માતુશ્રી મણીબાઈ નરસી લોડાયા પરિવાર, રાપર-મુલુંડ
- માતાજીને પોંખવાનો લાભ : શ્રી માણેકજી મેઘજી લોડાયા હસ્તે જયેશ, સાંધવ-મુલુંડ
- માતાજીને દિપ-ધુપ પૂજાનો લાભ : માતુશ્રી દમયંતિબેન રતનશી લોડાયા પરિવાર હસ્તે સુપુત્રો (સાંયરા-ડોંબિવલી)
- માતાજીને ફૂલ-હાર પહેરાવવાનો લાભ : માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી વિસનજી લોડાયા આરીખાણા - ડોંબિવલી
- માતાજીને ચુંદડી ઓઢાડવાનો લાભ : માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા, રાપર - ઘાટકોપર
- પૂજામાં બેસવાનો લાભ

  ૧) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા, સાંધવ-મુલુંડ

  ૨) માતુશ્રી મણીબાઈ કલ્યાણજી વિસનજી લોડાયા, આરીખાણા - ડોંબિવલી

## દ્વિતીય સમૂહ પહેડીના સહયોગી દાતાશ્રીઓ

૧) માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા (કોઠારા-મુલુંડ) ૨) માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લોડાયા (કોઠારા-વાશી) ૩) માતુશ્રી કાંતાબેન ગોંવિદજી લોડાયા (કોઠારા-ઘાટકોપર) ૪) માતુશ્રી જયાબાઈ ટોકરશી લોડાયા સહપરિવાર (કોઠારા- ડોંબિવલી) ૫) સંજય શાંતિલાલ અજાણી (લોડાયા) (કોઠારા-ઘાટકોપર) ૬) માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા (મા-ઓમ) (આરીખાણા-મુલુંડ) ૭) માતુશ્રી ધનલક્ષ્મી રાયચંદ લોડાયા (આરીખાણા-ઘાટકોપર) ૮) માતુશ્રી નવલબાઈ મુરજી લોડાયા પરિવાર (આરીખાણા-મુલુંડ) ૯) માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા હસ્તે લહેરચંદ (રાપરગઢ-ડોંબિવલી) ૧૦) માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા (રાપર-ભાડુંપ) ૧૧) શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (લોખંડવાલા) (સાંધવ - ઘાટકોપર) ૧૨) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હસ્તે હિતેશ, નિખિલ પટેલ (સાંધવ-મુલુંડ) ૧૩) માતુશ્રી ખેતબાઈ સોમચંદ માલશી લોડાયા (સાંધવ-ડોંબિવલી) ૧૪) માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા હસ્તે રસિકભાઈ (સાંધવ-મુલુંડ) ૧૫) ભવાનજી રાઘવજી લોડાયા (સાંધવ-મુલુંડ) ૧૬) માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ) ૧૭) માતુશ્રી દમયંતીબેન વાલજી ઠાકરશી લોડાયા પરિવાર (સાંયરા-મુલુંડ) ૧૮) માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા (સાયરા-રાયપુર) ૧૯) અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા (સાયરા-મુલુંડ) ૨૦) માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા પરિવાર હસ્તે હંસકુમાર (સાયરા-ઘાટકોપર) ૨૧) શાહ મધુકર ઝવેરચંદ લોડાયા (સાયરા-કિંગસર્કસ) ૨૨) શ્રી પદમભાઈ કુંવરજી લોડાયા પરિવાર (સાયરા-વાશી) ૨૩) શ્રી ઝવેરચંદ અરજણ લોડાયા પરિવાર (સાયરા-મુલુંડ) ૨૪) શ્રી ટોકરશી રતનશી લોડાયા હ.ઝવેરચંદભાઈ (વારાપધર-ડોંબિવલી) ૨૫) શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધર-ગાંધીધામ) ૨૬) શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વારાપધર-વાશી) ૨૭) માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (દલતુંગી-ડોંબિવલી) ૨૮) માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (મોટી સિંધોડી-ડોંબિવલી) ૨૯) માતુશ્રી નેણબાઈ હિરજી લોડાયા પરિવાર (મંજલ-ડોંબિવલી) ૩૦) માતુશ્રી હિરાવંતીબેન તિલકચંદ લોડાયા (બારોઇ–મુલુંડ) ૩૧) માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (વરાડીયા-ડોંબિવલી) ૩૨) શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા પરિવાર (બાંઢિયા-અમદાવાદ) ૩૩) માતુશ્રી હંસાબેન હીરાચંદ અરજણ પટેલ (બાંઢિયા-એરોલી) ૩૪) શેઠશ્રી હીરજી શિવજી લોડાયા (પટેલ) (બાંઢિયા-મુલુંડ) ૩૫) માતુશ્રી નવલબાઈ જીવરાજ લોડાયા પરિવાર (બાંઢિયા-નાસિક) ૩૬) શ્રી જીવરાજ ગોંવિદજી લોડાયા (મોટી ખાવડી-થાણા) ૩૭) શ્રી મોતિલાલ દેવજી લોડાયા (મોટી ખાવડી-ઘાટકોપર) ૩૮) શાહ ગિરીશ ખીમજી કરમશી લોડાયા(મોટીખાવડી-મુલુંડ) ૩૯) શાહ શાંતિલાલ શામજી લોડાયા (મોટીખાવડી-મસ્જીદ બંદર) ૪૦) માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા હસ્તે કિંજલ, જેનિલ (મોટી ખાવડી-ઘાટકોપર) ૪૧) માતુશ્રી પ્રભાવંતી મુલજી લોડાયા (ભરૂડીયા-મુલુંડ) ૪૨) શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (નલિયા-મુલુંડ) ૪૩) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા પરિવાર (નલિયા-મુલુંડ) ૪૪) શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા પરિવાર (તેરા-મુલુંડ) ૪૫) માતુશ્રી હેમલતા નલીનકાંત પીર (સુથરી-ડોંબિવલી) ૪૬) શ્રી મયુર ખીમજી પીર (સુથરી-મુલુંડ) ૪૭) માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા હસ્તે કીર્તીભાઈ (સુથરી-મુલુંડ) ૪૮) માતુશ્રી હેમલતાબેન પ્રતાપ ગોંવિદજી લોડાયા પરિવાર (સુથરી-મુલુંડ) ૪૯) માતુશ્રી વેલબાઈ પદમશી લોડાયા (કુવાપધર-બોરીવલી) ૫૦) માતુશ્રી દેકાબાઈ શામજી લોડાયા પરિવાર હસ્તે ઉત્તમભાઈ, રાયચંદભાઈ, (સાંધાણ-કલવા) ૫૧) ફાઈવ્હસ્ટાર કેટરર્સ-ભાડુંપ

**હજીપણ પહેડી પ્રસંગે સહયોગી દાતાશ્રીઓમાં નામ લખાવી લાભ લઈ શકો છો.**

**ડ્રેસકોડ : બહેનાએ બાંધણી પહેરવાની રહેશે.**

**લોડાયા પરિવારોને સહકુટુંબ પહેડીનો પ્રસાદ લેવા પધારવાનું ભાવભર્યુ આમંત્રણ છે.**

લી.શ્રી સમસ્ત લોડાયા પરિવાર સમિતી

પ્રવિણ હંસરાજ લોડાયા, ગોંવિદજી લાલજી પટેલ, વિરચંદ નરશી લોડાયા, સંદિપ નવિનભાઈ લોડાયા, રમેશ મુલજી લોડાયા, વિરેન્દ્ર ભવાનજી લોડાયા, વિપુલ ઠાકરશી પટેલ, વિજય લાલજી લોડાયા, અરવિંદ રાયચંદ લોડાયા

**પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલી**

**આગમન**
**૨૮-૨-૧૯૪૭**





**વિદાય**
**૧૬-૩-૨૦૧૪**



# સ્વ. ઉષાબેન હરિશ મુનવર (જખૌ) ગદગ

કર્મણ્યેવાધિકારસ્તુ મા ફલેશુ કદાચનમ્ ।
સાદું જીવન ને ઉચ્ચ વિચાર સરણી ।।

આજ કાલ કરતાં એક વર્ષ વીતી ગયું આપની વિદાયને. તમારા વિના આ જીવન વસમું લાગે છે. ગદગ ના ચિંતામણી પાર્શ્વનાથ દાદાના મંદિરને 100 વર્ષ પૂરા થાય તેની આપ કાગડોળે રાહ જોઈ રહ્યા હતાં પણ આ પ્રસંગ આવે એ પહેલાં જ વિધાતાએ પોતાની પાસે બોલાવી લીધા અને અમે સૌ કલ્પાંત કરતા રહી ગયા. વિશિષ્ટ મુલ્યોથી ભરેલું તમારૂં પ્રેરણાદાઈ જીવન અમારા સ્મૃતિ પટ ઉપર ન ભુલાય એવી યાદો અંકિત કરી ગયું છે અને સદાયે જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપતું રહેશે.

શતાબ્દી મહોત્સવના દરેક પ્રસંગોએ તમારી ખોટ સાલતી હતી. આપની ઈચ્છા પૂર્ણ કરવા શતાબ્દી ધ્વજદંડ તથા મુખ્ય ધ્વજા ફરકાવવાનો લાભ પરિવારે તેમનાં કલ્યાણ મિત્ર શ્રી તિલકચંદભાઈ લોડાયા સાથે મળી સંયુકતપણે લીધેલ.

જીવન એવું જીવ્યા કે ''મૃત્યુ પણ મરી ગયું રે લોલ......'' કર્મો સદા એવા કર્યા કે સૌના હૃદયમાં વસી ગયા, દુઃખથી કદી ડર્યા નહિ, સુખથી કદી છલકાયા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી, ધર્મ કદી ભૂલ્યા નહિ, સદાય સમભાવ જાળવી હસતા રહ્યા. અણધારી વિદાય લીધી પણ જીવીત હોવાનો ભાસ છે. દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં વાસ છે સદા તમારો. આપનો ચેતનવંતો આત્મા જયાં પણ હોય ચિર શાંતિ અનુભવે એજ પ્રભુને પ્રાર્થના.

**સ્વ. રતનબાઈ - શીવલાલ મુનવર (સાસુ-સસરા)**
**શ્રી હરિશ શીવલાલ મુનવર (જીવનસાથી)**
**શ્રીમતિ અમિષા - રવિન્દ્ર મુનવર (પુત્ર-પુત્રવધૂ)**
**ચી. દેવ રવિન્દ્ર મુનવર (પૌત્ર)**
**શ્રીમતિ અર્ચના - કૌશિક નાગડા (પુત્રી-જમાઈ)**
**સ્વ. ઊર્મિલા - ગોવિંદજી લોડાયા (નણંદ- નણંદોઈ)**
**તથા સમગ્ર મુનવર પરિવાર મિત્રો અને સ્નેહીઓ**

**સ્વ. કમલબાઈ - કલ્યાણજી ધરમશી (માતા-પિતા)**
**શ્રીમતિ મંજુલા - સુરેશ ધરમશી (ભાઈ-ભાભી)**
**શ્રીમતિ જયવંતી - ઉપેન્દ્ર ધરમશી (ભાઈ-ભાભી)**
**શ્રીમતિ હંસા - સતીશ ધરમશી (ભાઈ-ભાભી)**
**શ્રીમતિ કોકીલા - મહેશ લોડાયા (બહેન-બનેવી)**
**તથા સમગ્ર અનુપમ પરિવાર તથા ધરમશી પરિવાર**

JYOTI GRAPHICS, 9448422072

# એ લોકોને કંઈ એક્સ્ટ્રા પૈસા અપાતા હશે ?

**વનિતા**



**વિશ્વ**

સુખી મધ્યમવર્ગની લાગતી બે સ્ત્રીઓ વચ્ચે ચાલી રહેલી જે વાતચીત સાંભળેલ. ચાલીસેક વર્ષની લગતી મહિલા એનાં ઘેર છૂટક કામ કરવા આવતી બાઈથી નારાજ હતી કારણ કે એણે દિવાળીની સાફસફાઈ શરૂ કરી, તો મદદ માટે કામવાળી બાઈએ રોકડો એક જ દિવસ ફાળવ્યો કારણ કે એના કહેવા પ્રમાણે એણે બીજાં ઘરમાં આ કામ કરવાનાં હતાં. શેઠાણીના હસબન્ડ અને બાળકોએ પણ સફાઈ અભિયાનમાં ખાસ સાથ નહોતો આપ્યો. મેડમને જોકે ગુસ્સો માત્ર બાઈ પર હતો કારણકે એને બોનસ આપવાનું હતું. 'દિવાળીમાં કામ ન કરે પણ બોનસ માગવા ઊભી રહી જશે, મને એવો તો ગુસ્સો આવેછે પણ શું કરવું ? ન આપીએ તો કાલથી કામ પર ન આવે.' એમણે મજબૂરી વ્યક્ત કરી. સામે ઊભેલી સ્ત્રીએ આમાં સાદ પુરાવ્યો, 'હા, આ લોકો આપણને ખરા વખતે કામ ન લાગે, પણ પૈસા લેવા માથે ઊભા રહે. અરે, બોનસ સાથે મીઠાઈ ન આપીએ તોયે મોઢું બગાડે...!'

બહેનોની વાતમાંથી તારણ એટલું નીકળતું હતું કે ઘરકામ કરનારા બોનસને લાયક જ નથી અને દિવાળીની સફાઈ વખતે જે નોકરો બે-ત્રણ કે વધુ દિવસ મદદ ન કરે એમને બોનસ માગવાનો અધિકાર નથી. એમને આપવું જ ના જોઈએ. અને હા, આ નિમિત્તે એમને એ પણ યાદ આવી ગયેલું કે બાઈએ આખા વરસમાં કેટલા ખાડા પાડેલા.

ઘરમાં કામ કરવા આવતા ગરીબ લોકોને પૈસા આપવાનું ઘણા લોકોને નથી ગમતું. હવે ધારી લ્યો કે શોપમાંથી દિવાળીની ધૂમ ખરીદી કરી રહેલી એ મહિલાઓને કે એમના હસબન્ડ કે એમનાં સગાં વ્હાલાં નોકરી કરતા હોય ત્યાંનું મેનેજમેન્ટ જાહેર કરે કે જે સ્ટાફ મેમ્બર દિવાળીમાં એક્સ્ટ્રા કામ કરે તેને જ બોનસ મળશે તો આ લોકો કેવો બબાલ મચાવી દે ? ત્યાં એમને બરાબર ખબર છે કે આખું વર્ષ કામ કરવાનાં બદલામાં કર્મચારીઓને બોનસ મળે છે, દિવાળીના એક્સ્ટ્રા કામ માટે નહીં, પણ આ હકીકત કામવાળી બાઈની વાત આવે ત્યાં ભુલાઈ જાય છે. બાઈ રજા પાડે તો એના પગાર કાપી લેવો જોઈએ. દિવાળીમાં હેલ્પ ન કરે તો એને બોનસ ન આપવું જોઈએ. પગાર વધારો માગે તો ઝટ નમતું ન મૂકવું જોઈએ આપણી નજરમાં એ માણસ જ નથી ?

ઘણી ગૃહિણીઓની ફરિયાદ હોય છે કે ઘરમાં મહેમાન આવે કે કામ વધુ નીકળે તો બાઈ બીજે દિવસે દાંડી મારે છે, પણ હવે એટલું તો વિચારો કે એક્સ્ટ્રા કામ કરવા બદલ આપણે કેટલીવાર એને એક્સ્ટ્રા પૈસા આપવાની દાનત દાખવીએ છીએ ? ઓફિસમાં એક્સ્ટ્રા કામ કરવા માટે આપણે એક્સ્ટ્રા મહેનતાણાની આશા રાખીએ છીએ અને ન મળે તો કેટલો કચવાટ કરીએ છીએ ? તો આપણાં એઠાં વાસણ ધોનારને આવું નહીં થતું હોય કે પગાર નક્કી કરતી વખતે તો ઘરમાં ચાર માણસ છે એવી વાત થયેલી અને હવે રોજેરોજ મહેમાનો અને વાસણોનાં ઢગલાં થાય છે. તો ચાલો, એગ્રીમેન્ટમાં ફેરફાર કરીએ. અને બાઈ રજા પાડે તો બીજે દિવસે વધુ કામ એની રાહ જોતું જ હોય છે.

એવા લોકો પણ છે જે બાઈ પર ગુસ્સો આવે ત્યારે કપડાં-વાસણના ગંજ ખડકી દેછે અને પછી સામેવાળી ગુસ્સે થઈને ધોકા મારીમારીને કપડાં ફાડે ત્યારે દેકારા બોલાવે છે. કામવાળી બાઈ ન આવવાની હોય એની પહેલેથી ખબર હોય ત્યારે વાસણ ઓછાં બગાડો'ની બૂમો પાડતી મમ્મીઓ કે દીદી કોઈવાર કામવાળી બાઈના ચહેરા પર આવી જતો થાક નથી જોતી એ ગરીબ કામ કરવાની ત્યારે ભલે એકની જગ્યાએ ચાર ચમચા વપરાય. જે દિવસે ઘરમાં કામ ઓછું હોય ત્યારે પણ બાઈને રાહત આપવાને બદલે એના માટે કંઈક બીજું કામ શોધી કાઢનાર લોકો પણ છે, કારણ કે બાઈને તો પગાર અને બોનસ પણ આપવાનું છે, એ તો વસૂલ કરવું પડે!

આપણે ત્યાં કપડાં વાસણ ઝાડ-પોતાં કરવા માટે જે ભાઈ કે બાઈ આવે છે, એ પણ આપણાં જેવા માણસ જ છે એટલું યાદ રાખીએ તો એમને, આપણને બધાંને સારું લાગશે, ખરુંને ?

••••


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પરબ શક્તિ સંજીવનીને
'અનાજ-મસાલા' ના વિતરણ ના
જીવનજરૂરી આયોજન બદલ ખુબ
ખુબ અભિનંદન !!!
તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## A WAKE UP CALL FOR OUR BUSINESS AND SOCIAL ENTRPRENEURS.

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Recently I read the book "The Attacker's Advantage", written by Mr. Ram Charan. It reveals in a systematic way the stark realities of the shape of things happening and to come in the business world and the impact disruptive forces will have on businesses and how to be future-ready. I thought that it may be of use to the entrepreneurs of our community to take note of them and be ready to face them successfully.

The renowned consultant observes that what's bothering global CEOs these days is , "earlier it used to be execution but now it's just one thing - disruption." As the troika of rising structural uncertainty, increasing complexity and new business models create havoc with industries, CEOs face the challenge of not just keeping the engines running but also looking out for the unfolding market disruptions.

Further it is no longer just disruption; it is destruction and creation. When Clayton Christensen talked about disruptive innovation, he saw people come and get the lower end of the market and then disrupt the industry. Now, all industries are being actually destroyed not disrupted. Today, this destruction is not creating enough jobs to compensate for the lost jobs. And no industry is going to escape.

There is a difference between operational uncertainty and structural uncertainty. Operational is about how many rooms can you fill in a hotel in a month -it will not be 100%. So we now have mathematical models that do the optimisation, decide what should be the pricing of the hotel room by the day, by the week. We know the demand will fluctuate but you make the best pricing decisions. They give 50% discounts on the weekends and that is the operational uncertainty. You know how to manage that. On the other hand the structural uncertainty is that the total demand for a certain kind of hotel is eliminated. For example, the demand for Polaroid was eliminated, and Kodak got eliminated. That's structural uncertainty. Increase in the production of Shale gas and decline in usage of raw material by China in building has caused a bend in the road - It is a structural uncertainty. It is going to be here for years. It is structural because the forces now at work can alter the existing structure of your market space or your industry, changing the complete landscape or even making it obsolete. These forces are long-term and irresistible. You can either ride the wave, or get trampled. Indian CEOs face uncertainty, whether its demand related or due to regulations or global factors. What do you need to lead in such times?

First thing the CEO's got to do is set a practice every week and ask his people and outside people what external change they visualise over the next two years. Just see the world through their eyes. By doing it every week, you are expanding your visualisation through the people who can see external catalysts driving the change. The idea here is the perceptual equity. You build perceptual equity as an institution so long as you live and the company lives and out of that you get the patterns coming in.

Second thing, you look for catalysts. Catalysts are human beings, not companies. Steve Jobs was a catalyst. Larry Page is a catalyst. He feels that Anand Mahindra in India is a catalyst in the auto industry. In early days, Sunil Mittal was a catalyst. In Indian telecom, Mukesh Ambani could well be the catalyst, or he is perceived that way, whether he succeeds or not is to be seen.

You search for those human beings and see how driven they are, how practical they are, how risk-taking they are, and you do it every six weeks or eight weeks. Take off half a day, get your trusted people, insiders and outsiders and visualise if this catalyst's play turns out to be true, how would that change the game. Will it destroy the industry? Will it destroy the company? Will it lead to consolidation? Will it create a new game or a new model? Acknowledge that the new game is very different. In such situations, it's not advisable to mix the old

**Condt. On Page 17.**

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય  કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા સ્પર્ધાઓ

શ્રી. ક.દ.ઓ. જૈન મહિલા મંડળ દ્વારા ''સ્ટ્રીટ ફુડ'' કુકીંગ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને નેઈલ આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧-૨-૨૦૧૫, શનીવાર ના રોજ જેમાં સારી એવી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ હતો. જેના વિજેતાઓ ના નામ નીચે મુજબ

**કુકીંગ સ્પર્ધા** ૧) ઉત્તરા કે. મોતા ૨) ઝરણા સો. લાલકા ૩) દિપાલી એસ. સાંયા તેમજ, **સ્પે.** ઈનામ બીના કેવલ દંડ.

**મહેંદી સ્પર્ધા** ૧) વિરાલી જીગર મૈશેરી ૨) ઝરણા સો. લાલકા, **સ્પે.** ઈનામ હિતાંશી રોહીત લોડાયા,

**નેઈલ આર્ટ સ્પર્ધા** ૧) કોમલ મહેશ લોડાયા, **સ્પે.** ઈનામ સેજલ મૈશેરી

આ જજ તરીકે શ્રીમતી રશ્મિબા અને શ્રીમતી ફાલ્ગુનીબેન ઠક્કર તેમજ સ્વાતીબેન કારાણી હતા.


મંડળની કમીટીની બહેનીમાં પ્રમુખ શ્રી મીના કલપનાબેન, પદમીનીબેન નાગડા, લીપીકાબેન, દિપ્તીબેન, આશાબેન, તરલાબેન, મૃદુલાબેન બધાએ ખુબ સારી મહેનત કરીને સ્પર્ધાને સફળ બનાવી.

### સખી વૃંદ-પુના

સખી વૃંદ-પુના ની બેઠક તા. ૭ માર્ચના લતાબેન મોમાયાના ઘરે મિટીંગ યોજાઈ. વિષય હતો ''પેપર ક્વિલીંગ'' આર્ટ, લતાબેને એ માટે નિષ્ણાત નિધિ લોડાયાને આમંત્રિત કરેલ. નિધિબેન ૧૦ ૧૨ વર્ષથી વિવિધ આર્ટના ક્લાસ ચલાવે છે. લતાબેને હોળી તથા વિશ્વ નારીદિનના તહેવારને લક્ષમાં રાખી ઘરની સુંદર સજાવટ કરી હતી. આંગણે રંગોળી પૂરી હતી. સર્વેનું ફૂલ સાથે પેનથી સ્વાગત કર્યું, તેમજ રંગથી રંગી હોળીની વધાઈ આપી.

નિધિએ પેપર ક્વીલીંગથી જ્વેલરી બોક્ષ ૩ ડી ઈફેક્ટ આપી કેમ સુશોભિત કરવું એનું સુંદર પ્રાત્યક્ષીકરણ કર્યુ. આ દ્વારા વિવિધ આકારના ફૂલ, પાંદડા, દાંડી તથા અન્ય આકૃતિ બનાવી, અવનવા બોક્ષ, ફોટો ફ્રેમ, કાર્ડસ, દાગીના વગેરે બનાવી શકાય એનું પુરૂં માર્ગદર્શન આપ્યું. પંચક્રાફ્ટ પણ શીખવાડ્યું. એનો લગતા સાધનોનો ઉલ્લેખ કર્યો.


વિવિધા શ્રેણીના ૪થા મણકાના વિજેતા, ગ્રુપ ના સોનલશાહ, મીતાબેન લાલકા, તેમજ ગ્રુપ-૨ ના કીર્તિબેન નાગડા ને ઈનામ અપાયેલ. વિવિધા - ૫ માં નારીરત્નના નામ તથા એમની વિશેષતા લખવાની સ્પર્ધા યોજાઈ.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State  - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077,   Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## શંખેશ્વરમા મઠુબાપા ધર્મશાળાનું બુકીંગ

શ્રી શંખેશ્વર લોડાયા કલ્યાણ શ્વેતાંબર જૈન તીર્થ ટ્રસ્ટ સંચાલિત નવનીમર્તીત 'મઠુબાપા ભવન' ધર્મ શાળાની બુકીંગ શરૂ છે.

બુકીંગ માટે : મુંબઈ ઑફિસ : આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, જીરાવલ્લા દેરાસર સામે, ઘાટકોપર, મુંબઇ.

ફોન : 2501 1788 નીતીનભાઇ - 98929 50814

• ગ્રુપ બુકીંગ માટે : કાન્તીલાલ ગડા - 99876 42200

શંખેશ્વર બુકીંગ : નવીનભાઇ : 97279 97413

શંખેશ્વર એડ્રેસ : મઠુબાપા ભવન, મુખ્ય દેરાસરથી બે મિનીટ, કે.પી. સંઘવી ધર્મશાળાની પાછળ

## શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર

શ્રી કચ્છ અજિતનાથજી દેરાસરજીના અઠાર અભિષેક અને ધ્વજા રોહણ ને ઉત્સવ બનાવી સાચા અર્થમાં ધર્મોત્સવ બનાવ્યો.

કચ્છ સુજાપર ખાતે પ્રાચીન સુંદર સુમપુરના કલાત્મક જિનાલયની ૧૩૩મી વર્ષાગાંઠે પ.પૂ. મુનિરાજ શ્રી કંચન સાગરજી મ.સા.ની નિશ્રામાં મુંબઇથી ખાસ ઉપસ્થિત રહેનાર હોંશીલા વતન પ્રેમી સજાપરવાસી, તેરાવાસી નલીયાવાસી, જખૌવાસી, સુથરીવાસીઓની ઉપસ્થિતીમાં પરંપરાગત ધર્મ ધ્વજા લહેરાવી હતી.

શ્રી કેવલભાઇ સાવલા તથા શ્રી કિશોરભાઇ ગુણપુરીવાળા ના સંગાથે વિધીવિધાન અને સંગીતમય વાતાવરણ શ્રી હંસકુમાર લ.છેડા એ ધ્વજારોહણનો અમુલ્ય લાભ લીધેલ.

સંપુર્ણ મહોત્સવના લાભાર્થી ત્રણ પરિવારો શ્રી લેરીન વર્ધમાન ખોના, શ્રી હસંકુમાર લક્ષ્મીચંદ છેડા, શ્રી હિરાચંદ વશનજી શાહ અને સમગ્ર ગ્રામવાસીઓના સાથ-સહકારી ઉજવથી હતો.

## ભુજ સંપર્ક સુત્ર પ્રસિધ્ધ થશે

શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનશ્રી ભુજ દ્વારા શ્રી સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા તથા રમેશ દેવજી સોની પરિવારો દ્વારા શ્રી મહારાણી માતાજીની ભાવના રાખવામાં આવેલ.

શ્રી. ક.દ.ઓ. જૈન યુવક મંડળ ભુજ ધ્વારા સમગ્ર કચ્છમાં રહેતા સમાજવાસીઓની માહિતિ સાથેની સંપર્ક સુત્ર - ૨૦૧૫ પ્રસિધ્ધ કરવાની તૈયારી ચાલી રહી છે.

## પશ્ચિમ એકમની કારોબારીમાં પ્રતિનિધિ મોકલવા અનુરોધ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ તરફથી એકમ અને મહાજન ના સેતુ એક બીજાના પુરક થાય અને સાથે મળી સમગ્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે માટે ગુજરાત સ્થિત (કચ્છ સિવાયના) દરેક શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન / સંઘ / સમાજ ને પોતાના પ્રતિનિધિ એકમની કારોબારી માં મોકલવાની સત્તા આપવામાં આવી છે, દરેક મહાજન / સંઘ / સમાજની ઓફીસે ફોર્મ મોકલાવ્યા છે તો સમયસર એકમની વડોદરા ઑફિસ મોકલાવવા વિનંતી જેથી નવી કારોબારીની રચના ઝડપથી થઇ શકે. એમ સેક્રેટરી શ્રી મુકેશ માણેકજી લોડાયા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વરાડીયા દેરાસર મહાજનની સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટની અ.સામાન્ય સભા શ્રી હિરાચંદ ભવાનજી મોમાયાના પ્રમુખપદ હેઠળ રવિવાર તારીખ ૨૨.૦૩.૧૫ ના શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ મુલુંડ મુંબઈ મધ્યે બોલાવવામાં આવી. જીર્ણોધ્ધાર રીપેરીંગ કાર્યની વિગતવાર માહિતી આપવામાં આવી.

ભોજનાલયમાં નિર્માણના લાભાર્થી માતુશ્રી માંકબાઈ લધાભાઈ મોમાયા જૈન ભોજનાલય માટે કાયમી નિભાવ ફંડ (રૂ.૫૦,૦૦,૦૦૦ ) રૂ. પચાસ લાખનું દાન શેઠશ્રી શા ચોભણભાઈ લધાભાઈ મોમાયા, શા શાંતીલાલ લધાભાઈ શા જયંતીલાલ લધાભાઈ મોમાયા, શા.અમૃતલાલ લધાભાઈ મોમાયાનું સંયુક્ત દાન જાહેર થતાં સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યું.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝાંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.

• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાળકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક : દિનેશ દેઢિયા 92234 25676

## અચલગચ્છીય સાધ્વીશ્રી હર્ષાવલિશ્રીજી કાળધર્મ પામ્યા

અચલગચ્છીય પ.પૂ. સાધ્વીશ્રી હષર્વલિશ્રીજી મ.સા.તા.૨૭-૦૩-૨૦૧૫ના ઘાટકોપર જીરાવલ્લા દેરાસરમાં કાળધર્મ પામ્યા તેમની માંડલી તેજ દિવસે સાંજે નીકળી હતી.

game with the new game. Then you can go on the attack, master these new trends. Start creating a path that you force others to defend you. Amazon forced Walmart to defend. Starbucks is on the attack; it will force Dunkin Donuts, it will force McDonald's.

A large part of core competencies will become irrelevant. What was the core competency of Borders and Barnes; it's irrelevant. The two guys,

**A WAKE UP CALL...**

Flipkart and Snapdeal - have to develop their own logistics, the old logistics model just won't work. If the cotton is sold through e-commerce, what will happen to the broking community.

Keeping the government influence part aside, the new game is to use algorithms to figure out a sustainable business model and scale up very fast and reduce prices. You cannot create barriers to entry. This game is not for the wimps. But if you don't do it, the penalty is death or near death for old companies. If the industry is disrupting, you can survive. But in destruction, you don't survive. And it's industry not just the company, and even the related industries go for a toss.

For this the traditional companies chose to become attacker. The first thing is that they have to see and acknowledge the reality. They should ask the question: does no change take you to near death? If this is what you see, you move. You accept old core competence could be irrelevant, at least some portions. And look at from outside-in and not inside-out. Start creating a new path. That's large scale entrepreneurship. For this purpose you have to create a new organisation with a new leader and you gradually pull people you need. The new leader will create a new business model that's different, where the competence required is very different. The attacker has to confront reality, have courage, and visualize. Secondly, select the people for the new game. Most likely outsiders. Thirdly, pilot the idea that you can scale up. Build new core competence, new business models. Learn how to scale fast. Change the board.

## બીપીન નાગડાને વીમાના ક્ષેત્રે અસાધારણ યોગદાન માટે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા ગિરનાર એવોર્ડ.






All this looks scary. But there is no choice. Its a case of plan and perform now or perish.

Similar restructuring is needed for few of our social institutions. Few months back I had written an article stating that our Mumbai Mahajan needs total restructuring for the various reasons elaborated therein. Just tweaking by reducing the strength of members etc. will not serve the purpose. This monolith has made thousands of community people totally disinterested in the community work. Majority people have moved away from the community because it does not provide any opportunity to them to get involved. Recent experience of tremendous enthu and activities was witnessed in of one of its constituents, viz., Mulund. It celebrated Golden Jubilee of its local Sarvoday Mandal in an unprecedented way. Young and old were fully involved. This can happen at a local level only. When the Government of India is giving more powers and resources to the Constituent State Governments, we are concentrating authority in the centre. If the community disintegrates in future this monolith structure will be the main reason. So please wake up. Our future generations will not pardon us for continuing with this more than a century old structure of Mumbai Mahajan.

We need a visionary and a statesman at the helm of the management like Narendra Modi, who gives more powers and finance to the states at the cost of the central government, which he is heading. Being a born optimist, I am hopeful of this reform will take place in our community, sooner or later.

## નવા/બદલાયેલા સરનામા–(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **લિકેશ એમ.ખોના** | ૭૦૩, શ્રીબલરામ મંગલ અપાર્ટમેન્ટ, ન્યુ આયરે રોડ, રાજાજી ક્રોસ રોડ, નીયર રાજગંગા સોસાયટી, સાઈનાથ નગર, ડોંબિવલી (પૂ) |
| **ધવલ પાલાણી** | ડી-૬૦૪, મારીગોલ્ડ સોસાયટી ઠાકુર વિલેજ, નીયર એવરસાઈન ગાર્ડન, કાંદિવલી (પૂ) મુંબઈ - ૪૦૦ ૧૦૧ |
| **મુલચંદ ખોના** | ફ્લેટ નં.૬૦૨, ભાનુકુંજ, તેજપાલ રોડ, વિલે પાર્લે (પૂ) ૪૦૦ ૦૫૭ |
| **વિજય મોતીલાલ લોડાયા** | સુધાપાર્ક, પાશ્વનાર્થ બિલ્ડીંગ, એ-વિંગ, ૩૦૧ ત્રીજે માળે, ઘાટકોપર (પૂ), મુંબઈ |
| **નવીનચંદ્ર વિસનજી નાગડા** | ફ્લેટ નં ૦૩, શાંતિ પાર્ક કો-ઓપ.હા.સો., પ્લોટ નં ૧૫ થી ૧૯એ, એલ.એ.એમ.રોડ, શ્રીજી ધામની નજીક, વિહિત ગાવ, નાસિક રોડ, નાસિક - ૪૨૨ ૧૦૧ |
| **અનિલ લક્ષ્મીચંદ ડાઘા** | મકાન નં-૩૦, પાર્શ્વઓર્નસ, ભુજ-ભચાઉ-હાઈવે, વર્ધમાનનગર (સાઉથ) નિયર ભુજોડી-ભુજ-કચ્છ |
| **કલ્યાણજી લક્ષ્મીચંદ ડાગા**(પેંડાવાલા) | મૈશેરી દેવસ્થાન બાજુમાં, કોઠારા-કચ્છ, તાલુકા-અબડાસા - ૩૭૦૪૬૫ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **ધવલ પાલાણી** | **022-28844561** | **અનિલ લક્ષ્મીચંદ ડાઘા** | **09909071163** |
| **કલ્યાણજી ડાગા** | **09979798501** | **લલિત ડાગા** | **09998284185** |
| **બિપીન ડાગા** | **09979438148** | **નવીનચંદ્ર વિસનજી નાગડા** | **09821778109 / 07588366484** |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૩.૧૫ | ઈંદૌર | ધ્યાના-નેહા/વરૂન સુનિલ મોતા | તેરા | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૩.૧૫ | વડાલા | તેજસ અરવિંદ ભાણજી લોડાયા | દલતુંગી | ૩૦ |
| | વિદ્યાવિહાર | વિનલ પ્રતાપ લખમશી વિકમશી | જખૌ | ૨૯ |
| ૨૧.૦૩.૧૫ | કાંજુરમાર્ગ | ગૌરવ મહેન્દ્ર વિકમશી | વરાડીયા | ૩૧ |
| | મુલુંડ | ડિંપલ શાંતિલાલ નેણશી ધરમશી | ગોએરસમા | ૨૯ |

**આતરજ્ઞાતિય સગપણ છુંટુ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૧.૧૫ | તિલકનગર | પ્રિયંક દેવેન્દ્ર ખોના | સાંધવ | ૨૯ |
| | કાંદિવલી | રૂચિકા કમલેશ કોટીયન | મેંગ્લોર | ૨૮ |

**આતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૨.૧૫ | અમદાવાદ | સચીન રાજેન્દ્ર સોની | જખૌ | ૨૬ |
| | કાંદિવલી | જાન્હવી બિપીન સાગર | રાજકોટ | ૨૩ |
| ૧૭.૦૩.૧૫ | બાંદ્રા | પાર્થિક પ્રકાશ તલકશી ભેદા | પ્રાગપુર (મુંદ્રા) | ૨૭ |
| | ગાંધીધામ | ધ્રુતી શૈલેષ ધનપતિ નાગડા | તેરા | ૨૫ |

**છુટછેડા**


| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૧૫ | કોપર ખૈરાણે | દિપેન નવીનચંદ્ર વિસનજી નાગડા | નલીયા | - |
| | ભાંડુપ | કાજલ દિનેશ દંડ | સાંધવ | - |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૩.૧૫ | હુબલી | ચંદનબેન મોતીચંદ ધરમશી | સુથરી | ૮૦ |

# : શ્રધ્ધાસુમન :

## ચિરસ્મરણીય દાનવીર શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી



**'ધાર્મિક તેમજ શિક્ષણક્ષેત્રે આથમતો આ સૂર્ય દે છે સંદેશ ...**
**છેલ્લા કિરણ સુધી કર્તવ્યનિષ્ઠાથી દેજે તું તેજ'!**

**તમારા પરિશ્રમ તથા ઉદારનિષ્ઠા થકી સાંપડેલી પ્રગતિ તમારી સદાય ઋણી રહેશે.**

શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશીએ પોતાના આ જીવનની કર્મયોગની યાત્રા તા.૦૩.૦૩.૨૦૧૫ના પૂર્ણ કરી અનંતયાત્રા માટે પ્રયાણ કર્યુ. તેમને શ્રધ્ધાંજલિ અર્પતા એટલુ જ કહેવાનું કે.......

અંજલિ આપતા શબ્દો ખુટે છે,
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો તુટે છે.
કુદરતના ખજાનાને ખોટ પડે છે,
ત્યારે માયાળુ માનવીના ખજાના લૂટે છે.

નથી હયાત પણ સાથે છે એવું હંમેશા લાગ્યા કરે છે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે,
ક્યારક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે.

તમારા પરિશ્રમ તથા ઉદારનિષ્ઠા દ્વારા સાંપડેલી પ્રગતિ તમારી સદાય ઋણી રહેશે.

ધર્મનો મર્મ સત્કર્મથી સમજાય છે, દરેક અંત એક નવાની શરૂઆત છે.
સંસાર ચક્રમાં મૃત્યુ તો એક વિસામાનું સ્થાન છે, આત્મા તો અમર છે.

**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

શ્રી વિરજી લધાભાઈ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી.ડી.ઓ.જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ,
શ્રી સી.ડી.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ,
શ્રીમતી લક્ષ્મીબાઈ વિરજી લધાભાઈ કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય
તથા, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ભગિનીગૃહના
ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, અને વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તરફથી...

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# ભલારા દાદાની પહેડી ભાવપૂર્વક ઉજવાઇ












ભલારા દાદા ટ્રસ્ટ લાલપર તરફથી દાદાની સમૂહ પહેડીનું આયોજન શનિવાર તા. ૨૧-૩-૨૦૧૫ના કાંજુરમાર્ગના અનંતનાથજી કોમ્પલેક્સમાં થયું હતું. તેમાં ૩૭૦૦થી વધુ ભાવિકોએ દાદાની ભાવભેર ભક્તિ કરી હતી.

આ પ્રસંગે જાણીતા વિધિકાર શ્રી નરેન્દ્ર નંદુ અને સાથીઓએ ભક્તિરસની રમઝટ જમાવી હતી તથા લાલપર સ્થાનક માટે માતબર રકમ એકઠી કરી હતી. આ પહેડીને સફળ બનાવવા માટે અનંતનાથ કોમ્પલેક્સના રહેવાસીઓ, વરાડીયા મિત્ર મંડળ, ભલારા વ્યવસ્થાપક સમિતી આદિએ ખાસ જહેમત લીધી હતી.

# પરબ શકિત સંજીવની દ્વારા રાહતદરે બમ્પર સેલ






પરબ શક્તિ સંજીવની દ્વારા સંચાલિત લખલક્ષ્મી લુઠીયા જન સહાય ફંડ પ્રેરિત હોલસેલ ભાવે અનાજ, મસાલાનું વિતરણ, પરમ કેશવ બાગમાં તા. ૧૯-૨૦ માર્ચ ૧૫ નાં થયું, વિના મુલ્યે સુકવણી, સરબત, મસાલા, અનાજ, ડ્રાયફ્રુટ, અથાણા વગેરે વસ્તુઓ હૉલસેલ ભાવે સમાજ ને પુરું પાડવાના હેતુથી આ પ્રોજેક્ટમાં લગભગ ૩ હજાર થી પણ વધુ બહેનોએ હાજરી આપી અને મસાલા ની ભરણી કરી નિશ્ચિત થઈ ગઈ...

સુંદર પ્રતિસાદ થી, વેચાણ કરવા આવેલી બહેનો પણ પોતે કરેલી મહેનતનું વળતર મેળવી ખુશ હતી..

આયોજનને સફળ બનાવવા માટે તરલા ધુલ્લા, મધુરીબેન લોડાયા, મીનાબેન શાહ, પુષ્પાબેન ખોના, ચંદનબેન મોમાયા આદિએ જહેમત ઉઠાવી હતી.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,